# ...જારમાં

હૈયાધારણ આપી

...મયે ૩૦૦ રજાનું ...સરકારમાં થયો ...અનુસાર રજાનું ..., ખોટું અર્થઘટન ...તર કરતાં હતાં. ...માગે તા.૨૬-૩- ...માં રુપાંતર કરવા ...ા વિભાગના આ ...કારીઓ જ કરતા ...ાં રોષ ફેલાયો છે. ...પોર્ટ એલાઉન્સ ...ોર્ટ એલાઉન્સના ... શાળાના શિક્ષકો

## ...રજૂઆત

...૧૫.૧૧.૨૦૧૩ ...ી આપવા માટે ...રમાં બ્યુરો ઓફ ...પક્રમે સેમિનારનુ ...બીઆઈએસ અને ... મેળવ્યા બાદ ... રહે તે માટે ...ગલાં લેવા અંગે

# ગુજરાતી લેક્સિકોનના સ્થાપક રતિલાલ ચંદરિયાનું અવસાન

## આઈટી યુગમાં ગુજરાતી ભાષાને હરણફાળ ભરાવવામાં સિંહફાળો



## ■ ભગવદ્ ગોમંડળના ડિજિટલાઈઝેશનનું મહામૂલું પ્રદાન

અમદાવાદ, તા.૧૪

જૂની પેઢીને કમ્પ્યુટર અને ઈન્ટરનેટ સાથે જોડવાનું તો ટેક્નોસાવી નવી પેઢીને ગુજરાતી ભાષા સાથે જોડી રાખવાનું અને એ રીતે ગુજરાતી ભાષાના વિકાસ-વિસ્તારમાં મહામૂલું યોગદાન આપનાર રતિલાલ ચંદરિયાનું રવિવારે ૧૩ ઑક્ટોબરના રોજ રાતે ૯૧ વર્ષની વયે મુંબઈ ખાતે દુઃખદ નિધન થયું. રતિલાલ પ્રેમચંદ ચંદરિયા મૂળે તો ઉદ્યોગ સાહસિક. આફ્રિકન, યુરોપીયન અને અમેરિકન દેશોમાં વેપાર-વ્યવસાય કરનારા આ માતૃભાષા પ્રેમી જીવે ગુજરાતી લેક્સિકોન સહિતના પ્રોજેક્ટ પાછળ જિંદગીના પચીસ વર્ષથી વધુ સમય આપ્યો હતો.

ગોંડલના રાજા ભગવતસિંહજીની ગુજરાતી ભાષાનો સંપૂર્ણ વિશ્વકોશ બનાવવાની વર્ષોજૂની મહેનતનું ડિજિટલાઈઝેશન કરીને તેમણે ઈન્ટરનેટના જમાનામાં ફરી સાર્થક અને સાંપ્રત બનાવી હતી. ભગવદ્ગોમંડળને ઈન્ટરનેટ પર ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા ઉપરાંત તેને સીડીમાં પણ સમાવીને દેશ-વિદેશમાં પહોંચાડી હતી.

ગુજરાતી લેક્સિકોન, ઓનલાઈન ગુજરાતી ડિક્શનરી આપવા ઉપરાંત તેમણે ડિજિટલ સાર્થકોશ, સ્પેલચેકર, ગુજરાતી લોકકોશ, બાળકો માટેની રમતો, ક્વીઝ અને મોબાઈલ એપ્લિકેશન્સ જેવા વિશિષ્ટ પ્રોજેક્ટ્સને પણ આગળ વધાર્યા હતા.

૨૪ ઑક્ટોબર, ૧૯૨૨માં વિજયા દશમીના દિવસે જ જન્મેલા રતિકાકાનું નિધન પણ વિજયાદશમીના દિવસે જ થયું છે. ગુજરાતી ભાષાને જીવંત રાખવામાં તેમણે જે યોગદાન આપ્યું છે, તે કાયમ યાદ રખાશે.